પત્રક્રમાંક:મઉમશબ/HSC/2020/૨૪૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, ગાંધીનગર

તા:-૨૮/૦૭/૨૦૨૦

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની નોંધણી નંબર ૭૭૩૭
તારીખ ૨૯/૦૭/૨૦૨૦
સહી ........
કચેરીની સહી..................

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

ગુજરાત રાજ્ય

વિષય:- એકમ કસોટીના આયોજનમાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ વિશેષ સૂચના બાબત

સંદર્ભ:-

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :- બમશ/૧૧૨૦/૧૪૨/છ તા.૧૨/૦૨/૨૦૨૦
2. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૫૨૦-૫૫, તા.૦૨/૦૬/૨૦૨૦
3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક. તા. ૦૫/૦૬/૨૦૨૦
4. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૬૮૬-૧૭૨, તા. ૧૦/૦૬/૨૦૨૦
5. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૭૪૯-૮૨, તા.૧૦/૦૬/૨૦૨૦
6. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૯૧૫-૪૮, તા.૨૬/૦૬/૨૦૨૦
7. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/SSC/૨૦૨૦/૬૭-૧૦૪, તા.૦૧/૦૭/૨૦૨૦
8. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/ SSC/૨૦૨૦/૮૩૪, તા.૦૬/૦૭/૨૦૨૦
9. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : મઉમશબ/ SSC/૨૦૨૦/૮૭૭, તા.૧૩/૦૭/૨૦૨૦
10. અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/SSC/૨૦૨૦/૪૪૩૮ તા.૨૪/૦૭/૨૦૨૦

જયભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે COVID-19 મહામારી દરમિયાન શાળાઓ બંધ હોવાની સ્થિતીમાં પણ શિક્ષણ ચાલુ રહે. અભ્યાસમાં સાતત્ય જળવાય તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હોમ લર્નિંગના વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે ડીડી ગીરનાર ચેનલ, વંદે ગુજરાત ચેનલ અને બોર્ડની YOU TUBE ચેનલ પર શૈક્ષણિક કાર્યક્રમો જોઇ શકાય છે. તેમજ ઘણી શાળાઓના વર્ચ્યુઅલ ક્લાસરૂમ પણ ચલાવવામાં આવે છે.

સતત મૂલ્યાંકન એ અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાનો ભાગ છે. જેના આધારે વિદ્યાર્થીની કચાશ જાણીને ઉપચારાત્મક શિક્ષણકાર્ય થઇ શકે છે. આ એકમ કસોટી કોઇ ઔપચારીક પરીક્ષા નથી, પરંતુ સતત મૂલ્યાંકનનો ભાગ છે. આ કસોટીના પરિણામોના આધારે શિક્ષક ઉપરાંત વાલીઓ પણ પોતાનાં બાળકોની કચાશ જાણીને જરૂરી માર્ગદર્શન આપી શકે છે. આ કસોટી દ્વારા ઉપચારાત્મક શિક્ષણ ઉપરાંત 'હોમ લર્નિંગ કાર્યક્રમો' અંતર્ગત જરૂરી ફેરફારો કરી શકાય એ પણ એક હેતુ છે.

આમ, ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ ની તારીખ:-૨૯/૩૦ જુલાઇ-૨૦૨૦ ની એકમ કસોટી અંગે નીચેની સુચનાઓ ધ્યાને લઇ આયોજન હાથ ધરવાનું રહેશે.

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તારીખ:-૨૪/૦૭/૨૦૨૦ ના રોજ અત્રેથી અધિકારીક ઇમેલ એડ્રેસ પર એકમ કસોટીના પ્રશ્નપત્ર મોકલેલ છે. જે આચાર્યશ્રીઓએ વિદ્યાર્થી સુધી સોફ્ટ અથવા હાર્ડ કોપીમાં પહોંચાડવાના રહેશે. તદઉપરાંત આજ રોજ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર પણ એકમ કસોટીના પ્રશ્નપત્રો મુકવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ/વાલીઓ સરળતાથી પ્રશ્નપત્રો મેળવી શકે. વિદ્યાર્થીઓ સંબધિત બંને વિષયની એકમ કસોટીના ઉત્તરો તા.૧૦/૦૮/૨૦૨૦ સુધીમાં પોતાની અનુકુળતાએ અલગથી બનાવેલ નોટબુકમાં સ્વયંશિસ્તપૂર્વક વાલીની દેખરેખ હેઠળ ઘરેથી જ લખે તે અંગે આચાર્યશ્રીએ સૂચનાઓ આપવાની રહેશે.

Scanned by CamScanner

- વિદ્યાર્થીએ નોટબુકમાં લખેલ ઉત્તરો સોફ્ટ કોપી અથવા હાર્ડ કોપીમાં તા.૧૦/૦૮/૨૦૨૦ સુધીમાં શાળાના આચાર્યશ્રીને પહોંચાડવાના રહેશે. જે વાલી/વિદ્યાર્થી શાળાએ આવી શકે તેમ ન હોય તેમણે સોફ્ટ કોપીમાં મોકલવાની સૂચના આપવી.
- આચાર્યશ્રીઓએ પ્રશ્નપત્રોના ઉત્તરો શક્ય હોય ત્યાં સુધી સોફ્ટ કોપીમાં મેળવવા અન્યથા હાર્ડ કોપીમાં નોટબુક મેળવતી વખતે COVID-19 ની પરિસ્થિતી લક્ષમાં લઇ આયોજન કરવાનું રહેશે.
- ઉત્તરવહી નોટબુક મેળવવા માટે સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઇ તે રીતે વાલીઓને પ્રમાણસર સંખ્યામાં તબક્કાવાર શાળામાં આવવા અનુમતિ આપવી. તેમજ નોટબુક સ્વીકાર માટે શાળામાં એક બોક્ષ રાખવું. આવેલ નોટબુક શાળામાં ત્રણ દિવસ સુધી રાખી મુકવી. ત્યારબાદ જ શિક્ષકો પાસે મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરાવવી.
- શાળા દ્વારા ઉત્તરવહી ગુણાંકન અપલોડ કરવા અંગેની સૂચનાઓ હવે પછીથી આપવામાં આવશે.

ઉપરોક્ત તમામ બાબતે તદઉપરાંત સ્થાનિક પરિસ્થિતી અનુસાર એકમ કસોટીના સંચાલન સંબંધિત યોગ્ય સૂચનાઓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા આચાર્યશ્રીઓને આપવા વિનંતી.

| | | |
|---|---|---|
| (બી.એ.ચૌધરી) | (ડૉ. અવનીબા મોરી) | (જે.જી.પંડયા) |
| નાયબ નિયામક (પરીક્ષા) | નાયબ નિયામક (પરીક્ષા) | નાયબ નિયામક (પરીક્ષા) |
| ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, | ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, | ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

સવિનય નકલ રવાના:-

1) માનનીય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
3) માનનીય નિયામકશ્રી શાળાઓની કચેરી, જીવરાજ મહેતા ભવન,જૂના સચિવાલય, ગાંધીનગર
4) માનનીય નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,જીવરાજ મહેતા ભવન,જૂના સચિવાલય, ગાંધીનગર
5) માનનીય નિયામકશ્રી જીસીઇઆરટી, સેક્ટર-૧૨,ગાંધીનગર
6) માનનીય અધ્યક્ષશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ,સેક્ટર-૨૧, ગાંધીનગર
7) માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
8) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
9) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ર/ભાગ તેમજ જરૂરી કાર્યવાહી કરવા માટે.

ક્રમાંક/[redacted]/જા.નં./[illegible]
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વડોદરા. તા.૦૫/૮/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
તમામ
વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

Scanned by CamScanner